સુવિચાર માળા.

૧૯૧૧ ના ડીસેમ્બરની ૧૨ મી તારીખે

રાજ્યાભિષેકના માંગલિક

પ્રસંગે ભેટ.

સુવિચાર માળા.

૧૯૧૧ ના ડીસેમ્બરની ૧૨ મી તારીખે

રાજ્યાભિષેકના માંગલિક પ્રસંગે ભેટ.

યોજક તથા પ્રકાશક,

દોશી મણિલાલ નથુભાઈ. બી. એ.

અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. નકલ ૩૦૦૦.

સંવત ૧૯૬૮. સને ૧૯૧૧.

મૂલ્ય અમૂલ્ય.

અમદાવાદમા

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

બે બોલ.

પ્રિયવાચક !

આ 'સુવિચાર માળા' માં ૧૦૮ સારા વિચારોરૂપી પુષ્પોની માળા ગુંથી છે.

આ લેખકને તે વિચારો ઉપયોગી નીવડયા છે, અને બીજાઓને પણ તેમનું જીવન પવિત્ર બનાવવામાં તેટલાજ ઉપયોગી થાય તે હેતુથી ભેગા કરી છપાવવામાં આવે છે.

આ વિચારોપર શાંત મનથી વિચાર કરવાથી તેનું રહસ્ય આપોઆપ સમજાઈ જશે. આમાંના જે જે વિચારો તમને આધ્યાત્મિક જીવન ગાળવાને ઉપયોગી જણાય, તે તે વિચારોને તમારાં જીવનસૂત્રો બનાવો, અને તદનુસાર વર્તન રાખો. પ્રાચીનકાળમાં રાજાઓ એક એક શ્લોકનું મૂલ્ય સવાલાખ સોના મહોર આપતા હતા. તે સવાલાખ સોના મહોર કરતાં પણ વધારે કિંમતી આ વિચારોપર વિચાર કરજો, નિદિધ્યાસન કરજો અને તે પ્રમાણે વર્તજો, જરૂર તમારૂં વર્તન—જીવન આદર્શમય થશે.

મ. ન. દોશી.

The King is the inmost heart of his people, he is their refuge, their honour, and their highest happiness; relying on him they conquer righteously this world and the next.

MAHABHARAT, SHANTI PARVA.

For the protection of the whole world God created the King. The sceptre governeth all the people, the sceptre alone protecteth.

MANUSMRITI.

In every age people become meritorious in manifold ways, especially by means of devotion and obedience to the Sovereign, as well as to the head of religion.

DINKARD (Zoroastrianism.)

Reverence to the Sovereign is ever found hand-in hand with reverence to God; for the Sovereign is the embodyment of the Realm, as God of the universe. The Chief of the state should be treated with reverence even by those, who see in him the symbol of the will of the people, the representative of the greatness of the nation, as in the President of the Republic. *Much more should the King be reverenced* by those who see him as the symbol of the ruling and guiding Power behind all things, the symbol of the divine, rather than of the popular, will.

ANNIE BESANT.

સુવિચાર માળા.

१. एकं सत् विप्रा बहुधा वदन्ति ।

સત્ય વસ્તુ એક છે; પણ ડાહ્યા મનુષ્યો તેને જૂદી જૂદી રીતે જણાવે છે.

२. अप्पा सो परमप्पा ।

આત્મા તેજ પરમાત્મા છે.

३. योगः चित्तवृत्तिनिरोधः वैराग्याभ्यासाभ्याम् ।

યોગ એટલે ચિત્તની વૃત્તિઓનો સંયમ; આ સંયમ વૈરાગ્ય અને અભ્યાસથી થઇ શકે છે.

४. इदमपि गमिष्यति ।

આ પણ જતું રહેશે.

५. परोपकाराय सतां विभूतयः ।

સારા પુરૂષોની સંપત્તિ પરોપકારને વાસ્તેજ છે.

६. क्षमा वीरस्य भूषणम् ।

ક્ષમા એ શૂરવીર પુરૂષનું આભૂષણ છે.

७. आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।

જે પોતાને પ્રતિકૂળ હોય તે બીજા પ્રતિ આચરવું નહિ.

૮. ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः ।
જ્ઞાન, શ્રદ્ધા, અને તે પ્રમાણે વર્તન; આ ત્રણ મોક્ષના માર્ગ રૂપ છે.

૯. ध्यायतो विषयान् पुंसः संगः तेषु उपजायते ।
વિષયોનું ચિંતન કરવાથી તે તરફ આસક્તિ ઉત્પન્ન થાય છે. માટે તેનું ચિંતનજ ન કરવું.

૧૦. A man is a creature of reflection. As he thinketh, so he becometh.
મનુષ્ય વિચારની કૃતિ છે, જેવો તે વિચાર કરે છે, તેવો તે બને છે, માટે વિચારો હમેશાં ઉચ્ચ રાખો.

૧૧. विवेकवैराग्यवतो बोध एव महोदयः ।
વિવેક અને વૈરાગ્યવાનને મહા ઉદયવાળું જ્ઞાન થાય છે.

૧૨. नहि वेरेण वेराणि सम्मन्तीघ कुदाचनं ।
अवेरेण च सम्मन्ति एस धम्मो सनातनो ॥
વેર કદાપિ વેરથી નાશ પામતું નથી; પણ પ્રેમથી નાશ પામે છે; આ સનાતન ધર્મ છે.

૧૩. मैत्री मे सर्वभूतेषु वैरं मम न केषुचित् ।
अहं सर्वान् क्षमे जीवान् ते च क्षाम्यन्तु मां सदा ।
મારે સર્વ સાથે મૈત્રી છે, મારે કોઈ સાથે વેર નથી; સર્વ જીવોને હું ક્ષમા આપું છું, સર્વ જીવો મને ક્ષમા આપો.

૧૪. आत्मैव आत्मनो बन्धुः आत्मैव आत्मनो रिपुः ।
આત્માજ આત્માનો મિત્ર તથા આત્માનો શત્રુ છે.

૧૫. अवराहेसु गुणेसु च निमित्तमित्तो परो होइ ।
લાભ કે ગેરલાભમાં બીજા તો નિમિત્ત માત્ર છે.

૧૬. न बुद्धिभेदं जनयेत् अज्ञानानाम् ।
અજ્ઞાની પુરૂષોના વિચારોમાં એકદમ મોટો ફેરફાર કરવો નહિ.

૧૭. Inaction in an act of mercy is an action in in a deadly sin.
દયાના કામમાં ભાગ ન લેવો તે નિર્દયતાના કામમાં ભાગ લીધા સમાન છે.

૧૮. અજ્ઞાન ધિક્કારને પાત્ર નહિ પણ દયાને પાત્ર છે.

૧૯. Deserve before you desire.
કોઈ પણ વસ્તુની ઇચ્છા કરો તે પહેલાં તે મેળવવાને લાયક બનો.

૨૦. मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
મન એજ મનુષ્યોને બંધ તથા મોક્ષનું કારણ છે.

૨૧. હું અને મારૂં એ મોહરાજાનો પ્રબળ મંત્ર છે.

૨૨. જન્મનારને વાસ્તે મરણ ચોક્કસ છે, માટે જન્મ લેવો ન પડે તેવો પ્રયત્ન કરો.

૨૩. જેટલા ધર્મો છે, તેટલા આત્મજ્ઞાન રૂપી સૂર્યને અવકાશ આપનાર બારીઓ છે.

૨૪. હે ગૌતમ! એક ક્ષણ માત્ર પણ પ્રમાદ કરીશ નહિ.

૨૫. આત્મા નિમિત્તવાસી છે. માટે ઉંચાં પ્રકારનાં નિમિત્ત (સંજોગો) મેળવવાં એ આવશ્યક છે.

૨૬. સમાનતા એ મોક્ષની કુંચી છે, અને ગુણાનુરાગ એ મોક્ષની વાનગી છે.

૨૭. ગુરૂઓ મૌન વ્યાખ્યાન કરે છે અને શિષ્યોના સંશયો ટળી જાય છે.

૨૮. કરેલો ઉપકાર ભૂલી જનારને વાસ્તે પ્રાયશ્ચિત્ત છેજ નહિ.

૨૯. હું કોણ છું? હું શા હેતુથી કામ કરૂં છું? અને હું કેવી રીતે કામ કરૂં છું? આ ત્રણ સવાલ પ્રાતઃકાળમાં હરેક મનુષ્યે પોતાની જાતને પૂછવા.

૩૦. જડ વસ્તુમાં ભિન્નતા છે, આત્મતત્ત્વમાં એકતા છે.

૩૧. આત્મનિરીક્ષણ એ આત્માની ઉન્નતિનો ઉત્તમોત્તમ ઉપાય છે.

૩૨. દુઃખો એ છુપા આશીર્વાદો છે; તેથી આત્માની ગુપ્ત શક્તિઓ પ્રકટ થાય છે.

૩૩. અંતરમાં જુઓ. ત્યાં સઘળું દેખાશે.

૩૪. મૌન રહેવું એ વિકટમાં વિકટ કાર્ય છે.

૩૫. દૃષ્ટિબિન્દુ (અપેક્ષા) નહિ સમજવાથીજ પ્રાયઃ ક્લેશો ઉદ્ભવે છે.

૩૬. બાહ્ય ક્રિયાઓ જેટલે અંશે ચિત્ત શુદ્ધિને ઉપકારી છે, તેટલે અંશે આદરવા યોગ્ય છે.

૩૭. મનુષ્ય જે ગુણનો આ ભવમાં અભ્યાસ (મહાવરો–ટેવ) પાડે છે, તે ગુણ સાથે બીજા ભવમાં જન્મે છે.

૩૮. ઇચ્છાનો રોધ એજ તપ.

૩૯. જે મદોન્મત્ત ઘોડાની માફક ચઢતા ક્રોધને દાબમાં રાખે છે તેજ ખરો સારથી છે, બીજા તો માત્ર લગામ પકડનારા છે.

૪૦. જેણે મનને જીત્યું છે, તેણે ત્રણ ભુવનપર જય મેળવ્યો છે.

૪૧. જે સદ્વિચારોને અમલમાં મૂકતો નથી, તેના તે વિચારો ધીમે ધીમે બુઠ્ઠા થતા જાય છે, માટે સદ્વિચારોને શીઘ્ર અમલમાં મૂકો.

૪૨. જેનામાં મૈત્રી, કરૂણા, પ્રમોદ, અને મધ્યસ્થ ભાવના નથી, તે ધર્મને પ્રથમ પગથિયે ઉભો રહેવાને પણ યોગ્ય નથી.

૪૩. જેના મનમાં, વચનમાં, અને કાર્યમાં એકવાકયતા (consistency) છે તે સત્પુરૂષને મારો નમસ્કાર હો !

૪૪. પ્રભુને પામવાના માર્ગ અનેક છે. મનુષ્ય જે રસ્તે પ્રભુને શોધે છે તે રસ્તે તેને તે મળે છે.

૪૫. ધર્મ એ અંતઃકરણની બાબત છે; તેને પરાણે મનાવવા પ્રયત્ન કરનારને મનુષ્યના હૃદયની પરીક્ષાજ નથી.

૪૬. દુનિયા કોઈ પણ વખત મહાન્ પુરૂષ વિનાની રહી નથી. જ્યારે જ્યારે અધર્મની વૃદ્ધિ થાય છે, અને ધર્મનો લોપ થવા માંડે છે, ત્યારે કોઈ નહિ ને કોઇ મહાત્મા આ જગત્પર ઉતરી આવે છે.

૪૭. મહાત્માને ઓળખવા હોય તો મહાત્માને પગલે ચાલવા તત્પર થવું જોઇએ.

૪૮. જે જીંદગી **આપી** દે છે તેને જીંદગી મળે છે.

૪૯. એકજ વસ્તુમાં દોષ જોનારને દોષ જડે છે, અને ગુણુ શોધનારને ગુણુ જડે છે.

૫૦. 'આ કામ કોઇએ કરવું જોઈએ, પણુ મારે શા માટે કરવું?'
'આ કામ કોઇએ કરવું જોઇએ તો શા માટે મારે તે ન કરવું?'

આ બે વાકયોમાં આકાશ અને પાતાળ જેટલું અંતર છે.

૫૧. ઉઠો! જાગૃત થાઓ! ગુરૂઓને શોધો અને જ્ઞાન મેળવો!

૫૨. સંસારનાં કાર્યો કરવા છતાં તેમાં નિર્લેપ રહો.

૫૩. તારો અધિકાર માત્ર કર્મમાં છે, પણુ કર્મના ફળમાં નહિ.

૫૪. જે મનુષ્ય આકાશ ભણી તીર ફેંકે છે તેનું તીર છેવટે વૃક્ષ સુધી પણુ પહોંચી શકે છે; માટે ભાવના ઉચ્ચ રાખો.

૫૫. શ્મશાનમાં મનુષ્યની જેવી વૃત્તિ થાય છે, તેવી વૃત્તિ નિશ્ચળ રહે તો કોણુ બંધનથી મુક્ત ન થાય?

૫૬. અર્થ વગરની પારકાની વાતોમાં રસ લેતો તું ક્યારે બંધ પડીશ?

૫૭. મનુષ્ય જન્મની દરેક પળ અમૂલ્ય છે, એ ખ્યાલ ક્ષણુવાર પણુ વિસારીશ નહિ.

૫૮. સત્સમાગમ એ પારસમણિ છે, જે કથીરને સુવર્ણ બનાવે છે, તેનો અનુભવ કરી લે.

૫૯. મિત્ર વ્હાલો છે, પણ સત્ય વધારે વ્હાલું છે.

૬૦. પોતાનું અજ્ઞાન જાણવું એ જ્ઞાન મેળવવાનું પ્રથમ પગથિયું છે.

૬૧. વનસ્પતિથી પ્રાણીવર્ગ સુધીમાં, સબળ નિર્બળનું ભક્ષણ કરી ફાવી જાય એમાંજ ઉન્નતિ દેખાય છે, પણ મનુષ્યવર્ગમાં તો આત્મભોગ (self-sacrifice) એજ ઉન્નતિનો નિયમ છે.

૬૨. 'મારૂં તે સારૂં' એમ ન ગણતાં 'સારૂં તે મારૂં' ગણતાં શિખો.

૬૩ વીર પુરૂષો ઇષ્ટ પદાર્થ પ્રાપ્ત થતાં સુધી અટકતા નથી.

૬૪. પુરૂષાર્થજ કર્મનો નિયંતા છે, માટે પુરૂષાર્થ કર્મ કરતાં બળવાન્ છે.

૬૫. સઘળા સદ્ગુણોનું મૂળ આત્મસંયમ અને પ્રેમ છે.

૬૬. સઘળા દુર્ગુણોનું મૂળ વિષયાસક્તિ અને દ્વેષ છે.

૬૭. તૃષ્ણા એ સર્વ અનર્થનું મૂળ છે.

૬૮. દાન, શીળ, તપ અને ભાવ એ ધર્મના ચાર પ્રકાર છે.

૬૯. ઉપયોગી અને અનુપયોગી કામનો વિવેક કરતાં શિખો; તેમાં પણ થોડા ઉપયોગી અને વિશેષ ઉપયોગી કામનો વિવેક કરો.

૭૦. શરીર એ ધર્મનું પ્રથમ સાધન છે.

૭૧. એકતા તરફ લેઈ જનારાં તત્ત્વોને પ્રધાનપદ આપો; કારણ કે તેજ ખરાં તત્ત્વો છે.

૭૨. જે જે બનાવ બને છે તે સર્વ સારા વાસ્તે બને છે, એ અવિચળ નિયમમાં શ્રદ્ધા રાખો.

૭૩. વિશેષ વિશેષ જ્ઞાન મેળવતા જાઓ, તેની સાથે તેટલાજ નમ્ર બનતા રહો.

૭૪. સર્વ પ્રકારના મદનો નાશ કરનાર જ્ઞાન છે, પણ જો જ્ઞાનનોજ મદ થાય તો તેનું ઔષધ શું?

૭૫. જે ઘડી સત્સંગમાં પસાર થઈ તેને તું સોનેરી ઘડી માનજે.

૭૬. પારકી બુરી વાતો સાંભળવાને કદાપિ તારા કાન ઉઘાડા રાખતો ના.

૭૭. વસ્તુનો ત્યાગ કરવો એ કામ સરલ છે, પણ તે વસ્તુ ઉપરનો રસ તજવો તે અતિ કઠિન છે.

૭૮. વ્યવહાર અને ધર્મ એ ભિન્ન નથી. વ્યવહાર ધર્મમયજ હોવો જોઇએ.

૭૯. જો તારે છિદ્રોજ જોવાં હોય તો તારાં પોતાનાંજ જો અને તેનો ત્યાગ કરવા તત્પર થા.

૮૦. પ્રથમ જ્ઞાન અને પછી અહિંસા.

૮૧. જે મનુષ્ય સંજોગોને આધીન થઇ બેસી રહે છે, તેને આત્મબળની ખબરજ નથી.

૮૨. કસોટી વિના પાત્રની પરીક્ષા થતી નથી.

૮૩. ખરા જ્ઞાનીઓ પોતાના બચાવમાં એક પણ અક્ષર બોલતાજ નથી.

૮૪. જે મગજના જ્ઞાનથી હૃદયની પવિત્રતા ન મળે, તે જ્ઞાન કહેવાયજ નહિ.

૮૫. નિર્મળ હૃદયનું બળ અંકાય તેમ નથી. જગત્‌ના સર્વ મહાન્ પુરૂષો તે બળથીજ જગત્‌ને ઉન્નતિના માર્ગપર મૂકી ગયા છે.

૮૬. ભેદભાવથી મુક્ત થવું એજ મુક્તિ.

૮૭. જે પુરૂષ હૃદયમંદિરમાં આત્મપ્રભુ સાથે દિવસમાં પા કલાક પણ વાત કરવાનો પ્રસંગ મેળવી શકતો નથી તેને હજુ બહુ કરવાનું બાકી છે.

૮૮. સિદ્ધિઓ મેળવવા પાછળ ભમવું એ અનાજના કણુસલાને છોડી સાંઠામાં રાચવા બરોબર છે.

૮૯. જે વચન સત્ય, દયામય અને ઉપયોગી હોય તેજ બોલવું નહિ તો મૌન રહેવું.

૯૦. જે સત્યને ખાતર સર્વ વસ્તુનો ભોગ આપવાને તત્પર ન હોય તે કદાપિ સત્યનો ઉપાસક થઈ શકેજ નહિ.

૯૧. સર્વ દાનમાં જ્ઞાનદાન ઉત્તમ છે.

૯૨. તમારી સ્થિતિને અનુકૂળ નાનાં નાનાં સારાં કામો કરો એટલે વિશેષ સારાં કામો માટે તમે લાયક થશો.

૯૩. નિર્દોષ જીવન ગાળવું એ મરણને માટે મોટામાં મોટી તૈયારી છે.

૯૪. તમે કરેલા સારા કામને વાસ્તે તમારા અંતઃકરણનો સંતોષ એ મોટામાં મોટો બદલો છે.

૯૫. તમે કરવા ધારેલું કામ બીજો કોઈ કરે તો તેથી અંતરમાં આનંદ પામો કારણ કે તમારે કામની સાથે કામ છે, નહિ કે નામની સાથે.

૯૬. કોઇની નિંદાની વાત ફેલાવનારા વગર પૈસાના ફેરીઆ બનતા ના.

૯૭. દરેક શુભ કાર્યનો કરવાવાળો તો તેજ છે; આપણે જો તે કામ કરવામાં પ્રણાલિકા થઈ શકીએ તો આપણો ભાગ્યોદય સમજવો.

૯૮. જે ઝરાનું પાણી વહેતું નથી તે ગંધાવા માંડે છે, તેમ જે જ્ઞાન, લક્ષ્મી, વગેરેનો પરોપકારાર્થે ઉપયોગ થતો નથી, તેની પણ તેવીજ સ્થિતિ થાય છે.

૯૯. કેવળ ઉપદેશથી નહિ પણ તમારા જીવનથી બીજાને સન્માર્ગે દોરો.

૧૦૦. જે પુરૂષ અહંતાનો ત્યાગ કરી, ગુરૂદેવને સર્વ અર્પણ કરી ગુરૂદેવના સેવક તરીકે કામ કરે છે, તે અનંતગણું ઉપયોગી કામ કરી શકે છે.

૧૦૧. વસન્તઋતુની માફક જગતનું હિત કરનાર મહાત્માઓને મારો નમસ્કાર હો !

૧૦૨. જે સુખમાં તેમજ દુઃખમાં સમાનવૃત્તિ રાખી શકે છે, તેજ પંડિત પુરૂષ છે.

૧૦૩. સર્વ ધર્મના સંસ્થાપકો મહાન્ પુરૂષો હતા, માટે કોઇ પણ ધર્મની નિન્દા કરતા ના.

૧૦૪. કુદરત તથા મનુષ્યમાં રહેલી ગુપ્ત શક્તિઓ શોધવી તેમજ પ્રકટ કરવી એજ મનુષ્ય જીવનનો પરમ ઉદ્દેશ છે.

૧૦૫. આ જગત્‌ના તમામ પદાર્થો ત્રણ અવગુણોથી ભરેલા છે. તે ક્ષણિક છે, દુઃખગર્ભિત છે, અને તે મળ્યા પછી બીજા સુખની આકાંક્ષા રહે છે.

૧૦૬. આત્મજ્ઞાન નિત્ય છે, સુખગર્ભિત છે, અને તે મળ્યા પછી બીજા સુખની આકાંક્ષા રહેતી નથી.

૧૦૭. આ બાહ્ય જગતની કોઈપણ વસ્તુ મેળવવા જતાં બે પરિણામ આવે છે, **નિરાશા** કે **ખેદ**. જો વસ્તુ મળતી નથી તો નિરાશા ઉત્પન્ન થાય છે અને જો તે:મળે છે તો મળ્યા પહેલાં જેટલી મોહક લાગતી હતી તેટલી નહિ લાગવાથી ખેદ થાય છે.

૧૦૮. **રાજામાં દેવનો અંશ છે, એમ પવિત્ર ગ્રન્થો પ્રતિપાદન કરે છે. જે રાજભક્તિ કરે છે તે ઈશ્વરપ્રીતિ સંપાદન કરે છે.**

સંપૂર્ણ.

દોસી મણીલાલ નથુભાઈ બી. એ. કૃત.

અર્હન્નીતિનું ભાષાન્તર.	૧–૮–૦
આત્મપ્રદીપનું વિવેચન.	૦–૮–૦
ગુરૂ દર્શન....	૦–૬–૦
દયાનો ઝરો.	૦–૪–૦
શ્રી બુદ્ધ ચરિત્ર.	૦–૮–૦
શ્રી કેળવણી અને સદ્વર્તન.	૦–૨–૦
જ્ઞાનદીપક.....	૦–૩–૦
યોગમાર્ગનો ભોમીઓ.	૦–૨–૦
સુબોધચંદ્ર.	૦–૮–૦
મહાન્ ગુરૂનો પ્રસાદ.	૦–૨–૦

આત્મનિરીક્ષણ અર્ધા આનાની ટીકીટ બીડનારને મફત.

મળવાનું ઠેકાણું, **કર્ત્તા પાસેથી.**

રતનપોળ—**અમદાવાદ.**

રાજ્યાભિષેક ગીત.

જય જય જય જય જય જય જ્યોર્જરાજની જય. ટે
જય આંગ્લેશની જય, જય ભારતેશની જય. જય
પ્રૌઢ પ્રતાપી જ્યોર્જ પંચમ, આંગ્લ દેશ નરેશ,
સાર્વભૌમ સિંહાસન આજે, શોભાવે ભૂપેશ;
જય દિલ્લીશ્વરની જય, જય નૃપપ્રવરની જય. જય
જય ચક્રવર્તીની જય, જય શૌર્યશાલીની જય,
જય સલતનતની જય, જય કૃપાવંતની જય;
જય વિજયવંતની જય, જય નીતિનીપુણની જય. જય
પરમ પવિત્ર દિલ્લીની એ, ગાદી જગ વિખ્યાત,
અવનિપતિ ત્યાં બેસે આજે, જ્યોર્જ સાગરનાથ;
જય પૃથ્વીપતિની જય, જય સમુદ્રેશની જય. જય
પ્રસિદ્ધ આ ગાદીપર રહેજો, સ્થિર જ્યોર્જનું તાજ,
ભારતજનને સંતોષો, કરી લોકહિતનાં કાજ;
જય મુકુટધારીની જય, જય પ્રજાપાળની જય. જય
જ્યોર્જરાજ મહારાણી મેરીનાં યશોગાન સહુ ગાય,
જય વિજયરંગ, જય વિજયરંગ, જય વિજયરંગ બોલાય;
જય મહારાજાની જય, જય મહારાણીની જય,
જય જય જય જય જય જય જ્યોર્જરાજની જય.